# ગુજરાતની વિધાનસભામાં આરએસએસનું વર્ચસ્વ છે

### અધ્યક્ષ અને ત્રણેય પક્ષોના નેતાઓ સંઘના પૂર્વ સ્વયંસેવકો છે : ત્રણેય દિગ્ગજ નેતાઓ વિધાનસભામાં આમને સામને


અમદાવાદ, તા.૨૪

રાજકારણમાં ભાગ્યે જ જોવા મળે તેવા અદભૂત રાજકીય સંજોગો ગુજરાત વિધાનસભામાં સર્જાયા છે. ૧૩મી ગુજરાત વિધાનસભામાં એક જ સંસ્થા આરએસએસનું વર્ચસ્વ જોવા મળી રહ્યુ છે. કારણ કે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ત્રણેય મુખ્ય પક્ષોના નેતાઓ મૂળરીતે આરએસએસના પૂર્વ સ્વયંમ સેવકો છે. આ વખતે વિધાનસભાનું અધ્યક્ષપદ વજૂભાઈ વાળા સંભાળી રહ્યા છે. સત્તાપક્ષ ભાજપનું સંચાલન નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. જ્યારે વિપક્ષ કોંગ્રેસનું સંચાલન શંકરસિંહ વાઘેલા કરી રહ્યા છે. જ્યારે ત્રીજા રાજકીય પક્ષ ગુજરાત પરિવર્તન પાર્ટી તરફથી કેશુભાઈ પટેલ વિધાનસભામાં હાજર છે. આ ત્રણેય મહાન નેતાઓ વિધાનસભામાં આમને સામને છે. પરંતુ આ નેતાઓમાં એક સમાનતા છે. કે આ ચારેય નેતાઓનું રાજકીય કુલ આરએસએસ છે. જે જોતા જાણે વિધાનસભામાં સંઘનું વર્ચસ્વ સ્થપાયુ હોય તેવું દશ્ય સર્જાયુ છે.

મુળભુત રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ રાજકારણથી પર હોવાનો દાવો કરે છે. એ તેના સ્વયંસેવકો કોઈ રાજકીય પદ માટે નહીં પરંતુ રાષ્ટ્રસેવા માટે કાર્યરત હોવાની વાત કરે છે. પરંતુ એક સમયના સંગના સ્વયંમ સેવકો આજે ૧૩મી વિધાનસભાનું સંચાલન કરી રહ્યા છે. એ પણ વાસ્તવિકતા છે. એક સમયે સંઘની શાખાઓમાંથી તાલીમ લઈ ગુજરાતમાં કોંગ્રેસનું શાસન ઉઠાવીને પેંકી દેવાના ઈરાદે નિકળ્યા હતા. પરંતુ સમય અને સંજોગોએ એમની વિચાર ધારા અને માર્ગ અલગ અલગ કરી દીધા. તેમાંથી સૌપ્રથમ શંકરસિંહ વાઘેલાએ ખજુરા કાંડ કરીને ભાજપ વિરુદ્ધ બગાવતનું રણશિંગુ ફુક્યું હતુ. અને પ્રથમ તેમણે રાજપા પાર્ટી બનાવી અને અંતે કોંગ્રેસમાં સામેલ થઈ ગયા. છેલ્લા ૧૩ વર્ષ કરતા વધુ સમયે તેઓ કોંગ્રેસની સાથે છે જ્યારે ૨૦૦૧માં કચ્છના ભૂકંપ બાદ મુખ્યમંત્રી પદેથી હટાવાયેલ પાટીદાર નેતા કેશુભાઈ પટેલ લાંબા સમયની ઉપેક્ષા સહયા બાદ મેદાનમાં આવી ગયા. તેમણે પણ પાર્ટીની અવગણના બાદ ૧૩મી વિધાનસભાના સમયે ભાજપ સામે બગાવત કરી મેદાનમાં ઉતર્યા અને ભાજપ છોડી ગુજરાત પરિવર્તન પાર્ટીની સ્થાપના કરી. વિધાનસભામાં પહોંચ્યા છે. જ્યારે છેલ્લે ગુજરાત ભાજપના અન્ય વરિષ્ઠ નેતા વજૂભાઈવાળાએ ગૃહમાં અધ્યક્ષપદ સંભાળવા માટે ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપવું પડ્યુ. જ્યારે નરેન્દ્ર મોદી આજે પણ વિધાનસભામાં સત્તાપક્ષનું સુકાન સંભાળી રહ્યા છે.

વાસ્તવિકતા એ છે કે એક સાથે સંઘની શાખામાંથી નિકલેલા આ દિગ્ગજો ફરીવાર ગુજરાત વિધાનસબામાં એક જગ્યાએ એકઠા થયા છે. પરંતુ એક સાથતે નહીં પરંતુ જુદી જુદી ભૂમિકાઓમાં છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સત્તા પક્ષ ભાજપનું નેતૃત્વ કરી રહ્યા છે. જ્યારે શંકરસિંહ વાઘેલા વિપક્ષના નેતા તરીકે કોંગ્રેસ વિધાનસભામાં નેતૃત્વ કરી રહ્યા છે. તો કેશુભાઈ પટેલ ગુજરાત પરિવર્તન પાર્ટીનું નેતૃત્વ કરવા માટે વિધાનસભામાં ઉપસ્થિત છે. જ્યારે આ ત્રણેથી વિપરીત વજુભાઈ વાળા ગૃહનું સંચાલન કરવા માટે વિધાનસભામાં ઉપસ્થિત છે. આમ સમગ્ર રીતે ગુજરાત વિધાનસબામાં જે ચિત્ર ઉદ્ભવ્યું છે તે દર્શાવે છે કે આ મહાનુભાવો આજે ભજે સામસામે હોય અને ગૃહમાં પોત પોતાના કર્તવ્યોનું પાલન કરતા હોય પરંતુ તેમની વિધાનસભામાં હાજરી અને તેમનો મુળ અને કુલનો ભૂતકાળ ગૃહમાં આરએસએસનું વર્ચસ્વ સ્પષ્ટ કરે છે.

## વડીલોને વંદન અભિનંદન



નારાયણભાઈ કે. પટેલ
(૧૯૩૨) ફોન: ૨૩૨૨૩૪૦૧



દિલીપકુમાર એચ. જાની
(૧૯૩૯) ફોન: ૨૩૨૨૪૫૩૩



નિરૂપમાબેન વી. ચૌહાણ
(૧૯૫૭) ફોન: ૨૩૨૨૪૫૭૫

## ત્રણેય મુખ્ય પક્ષના નેતા મુખ્યમંત્રી રહી ચુક્યા છે

અમદાવાદ, તા.૨૪

૧૩મી ગુજરાત વિધાનસભામાં ત્રણેય પક્ષના નેતાઓ મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળી ચુક્યા છે. જોગાનુજોગ આ ત્રણેય નેતાએ મુખ્યમંત્રી પદ એક જ પાર્ટી ભાજપ વતી મુખ્યમંત્રી પદ સંભાળ્યુ છે. જેમાં કેશુભાઈ પટેલ ૧૯૯૫થી ૧૯૯૬ અને ૧૯૯૮થી ૨૦૦૧ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મુખ્યમંત્રી પદ સંભાળી ચુક્યા છે. જેઓ આજે ભાજપ છોડી ગુજરાત પરિવર્તન પાર્ટીનું વિધાનસબામાં નેતૃત્વ કરી રહ્યા છે. જ્યારે અન્ય નેતા શંકરસિંહ વાઘેલા ૧૯૯૭માં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગુજરાતનું મુખ્યમંત્રી પદ સંભાળી ચુક્યા છે. જેઓ અત્યારે ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા તરીકે કોંગ્રેસનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. જ્યારે નરેન્દ્ર મોદી ૨૦૦૧થી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મુખ્યમંત્રી તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે અને સાથે સાથે વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીનું નેતૃત્વ પણ કરી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે પરાજય સાતે ફરી એક વાર વિરોધપક્ષમાં બેસવાનો વારો આવ્યો છે. પરંતુ આ ચૂંટણીમાં મૂળ કોંગ્રેસી એવા શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, ઈકબાલ પટેલ અને સિદ્ધાર્થ પટેલનો પરાજય થયો છે. જ્યારે મુળ ભાજપના શંકરસિંહ વાઘેલા, તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા, વિઠ્ઠલ રાદડીયા સહિતના નેતાઓ કોંગ્રેસમાંથી ચૂંટાયા છે. જેના કારણે વિધાનસભામાં મુળ કોંગ્રેસી એવા મોહનસિંહ રાઠવાજેવા જુજ નેતાઓ ઉપસ્થિત છે. એટલું જ નહીં કોંગ્રેસનું નેતૃત્વ પણ મુળ ભાજપી એવા શંકરસિંહ વાઘેલા સંભાળી રહ્યા છે

## સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે ૨૬મી જાન્યુઆરીએ ખાસ એસ.ટી. બસ વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨૪

ભારતના ૬૪મા પ્રજાસત્તાક દિવસ-૨૬મી જાન્યુઆરીએ ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની અધ્યક્ષતામાં સાંજે ૫.૦૦ વાગ્યે રાજભવન, ગાંધીનગર ખાતે 'સ્નેહ મિલન'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓને રાજભવન આવવા તથા પરત જવા માટે અમદાવાદ, લાલદરવાજા (રૂપાલી સિનેમા), પાલડી બસ સ્ટેન્ડ અને કાળુપુર રેલવે સ્ટેશનથી એસ.ટી. બસોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વાતંત્ર્ય સેનાનીઓ માટેની આ ખાસ એસ.ટી. બસો બપોરે ૧૫.૩૦ કલાકે રાજભવન જવા રવાના થશે.

## ઈદે મિલાદની મુબારકબાદી પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ હઝરત મહંમદ પયંગબર સાહેબની જન્મ જયંતિ ઈદે મિલાદુન્નબી પર્વની હાર્દિક મુબારકબાદી પાઠવી છે.

રાજયપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે, ઈદે મિલાદનો પવિત્ર પર્વ સમાજમાં સદભાવ, એખલાસ અને બંધુત્વની ભાવનાનું દ્યોતક છે. આજના આ પર્વે હું દેશ અને રાજયમાં સુખ-સમૃધ્ધિમાં વૃધ્ધિ થાય તેવી હાર્દિક કામના કરું છું.

## પ્રજાસત્તાક દિને આપણું બંધારણ અને આપણાં અધિકારો વિશે વ્યાખ્યાનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સંત રોહિદાસ સેવા ભવન, સેક્ટર-૬ ખાતે તા. ૨૬મી જાન્યુઆરી-૨૦૧૩ને શનિવારના રોજ બપોરે ૩ કલાકે ડૉ. બી.આર. આંબેડકર સ્મારક વ્યાખ્યાન માળામાં 'આપણું બંધારણ અને આપણા અધિકારો' ઉપર વ્યાખ્યાન યોજાશે. ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન ગુજરાતના પ્રમુખ ભી.ન. વણકર આ પ્રસંગે વ્યાખ્યાન આપશે. સમગ્ર કાર્યક્રમનો ભારતીય બૌદ્ધ મહાસભા, ગુજરાત બૌદ્ધ મહાસંઘ અને ગુજરાત ધમ્મ સોસાયટીએ નગરજનોને લાભ લેવા જણાવ્યું છે.

## ૪૧મી નેશનલ કોન્ફરન્સ ઓફ આઈએડીવીએલનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૪

ઈન્ડીયન એસોસીએશન ઓફ ડર્મેટોલોજીસ્ટ વેનેરીયોલોજીસ્ટ એન્ડ લેપ્રોલોજીસ્ટની ૪૧મી નેશનલ કોન્ફરન્સનો તા. ૨૪મી જાન્યુઆરીથી પ્રારંભ થયો છે. જે ૨૭મી જાન્યુઆરી સુધી ચાલશે.

ગુજરાત યુનિવર્સિટી એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, ૧૩૨ ફૂટ રીંગ રોડ, હેલ્મેટ ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ ખાતે શરૂ થયેલી ૪૧મી નેશનલ કોન્ફરન્સ ઓફ આઈ.એ.ડી.વી.એલ.માં જ્ઞાન સભર વૈજ્ઞાનિક આદાન પ્રદાન યોજાશે. ૩૦થી વધુ વિદેશી વ્યાખ્યાતાઓ આશરે ૧૫૦ રાષ્ટ્રીય કક્ષાના વ્યાખ્યાતાઓ અને ૫૦૦૦ થી વધુ ડેલીગેટ્સ આ ચાર દિવસીય કોન્ફરન્સમાં ભાગ લેશે.

## સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતમાં પીવાના પાણીની વિકટ સમસ્યા

### નર્મદાનું એક મીલીયન એકરફીટથી વધુ પાણી ઉદ્યોગો ખેંચી ગયાનો આક્ષેપ : પાણીની વિકટ સમસ્યા અંગે ભાજપ જવાબદાર : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૨૪

રાજ્યમાં સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના નાગરિકો ભર શિયાળે પાણીની વિકટ સમસ્યાથી હેરાન-પરેશાન થઈ રહ્યાં છે. અનેહવે તો આ વિસ્તારના ડેમો મોટા ભાગે ખાલી થઈ ગયા છે ત્યારે રાજ્યમાં જિલ્લાદીઠ ઉપલબ્ધ પાણીના જથ્થા અંગે વાસ્તવિક વિગતો રાજ્ય સરકાર જાહેર કરે તેવી માંગણી કોંગ્રેસે કરી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં પીવાના પાણી, સિંચાઈ માટે પાણી અને ત્યારબાદ ઉદ્યોગો માટે પાણીની વ્યવસ્થા અંગે નર્મદા યોજના અમલમાં આવી નર્મદા યોજના ટ્રીબ્યુનલ એવોર્ડ અન્વયે ગુજરાતને ભાગે ૯ મીલીયન એકર ફીટ પાણી આવે છે. જેમાંથી ૧.૦૬ મીલીયન એક ફીટ પીવા અને ઉદ્યોગ માટેનું પાણી સિંચાઈ માટે ૭.૯૪ મિલીયન એકર ફીટ ફાળવવાનું નક્કી થયું હતું પણ, કેનાલ નેટવર્ક રાજ્ય સરકાર દ્વારા માત્ર ૨૬ ટકા જેટલું થવાથી સિંચાઈ માટે ૨ મિલીયન એકર ફીટ પાણી જ ઉપયોગમાં લઈ શકાય છે. અને બાકીનું ૫.૯૪ મિલીયન એકરફીટ વ્યવસ્થાના અભાવે દરિયામાં વહી જાય છે. બીજી બાજુ ગુજરાતના નાગરિકો પીવાના પાણી માટે સંઘર્ષ કરી રહ્યાં છે. આયોજન-ઈચ્છાશક્તિના અભાવે, અણઘડ વહીવટના પરિણામે ગુજરાતના નાગરિકો પાણી વિના વલખાં મારે છે રાજ્યમાં પાણીની વિકટ સમસ્યા માટે ભાજપ સરકાર સીધી જવાબદાર છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યના ઉદ્યોગોને મોટા પાયે પાણી ફાળવાઈ ગયું હોવાથી સૌરાષ્ટ્ર-કચ્છ-ઉત્તર ગુજરાતના નાગરિકો પીવાના પાણી વિના વલખાં મારે છે.

૧ મીલીયન એકર ફીટ થી વધુપાણી ઉદ્યોગો ખેંચી ગયા છે. રાજ્ય સરકારે અગાઉ ડિસેમ્બર-૨૦૧૦માં નર્મદા યોજનાનું કામ પુરૂ કરવાનું જાહરે કર્યું હતું. હવે જુન-૨૦૧૩માં પુરૂ કરવાનું જાહેર કર્યું છે. વાસ્તવિકતા એ છે કેહજી જમીન સંપાદનનું કામ ગોકળ ગાય ગતિએ ચાલી રહ્યું છે.

કચ્છ બ્રાન્ચ કેનાલ એલોટમેન્ટમાં અનેક તકનીકી અડચણો ઉભી થઈ છે. રાજ્યમાં અનેક ગામો-શહેરોમાં પીવાનું પાણી મળી રહ્યું નથી, અનેક શહેમાં પાણીના મુદ્દે ઘર્ષણ ચાલી રહ્યું છે. રાજ્ સરકાર પાણીના મુદ્દે સંવેદનશીલ બને તે ઘણું જઆવશ્યક છે.

## ૬૪મા પ્રજાસત્તાક દિને આહવામાં રાજયપાલશ્રીના હસ્તે ધ્વજવંદન

રાષ્ટ્રના ૬૪મા પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરીએ ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીના હસ્તે ડાંગ જિલ્લાના આહવા ખાતે સવારે ૯-૦૦ વાગ્યે ધ્વજવંદન પ્રસંગે રાજયપાલશ્રી પોલીસ બેન્ડની સલામી લેશે.

## આહવા ખાતે સ્નેહ સંમેલન

૬૪મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યા ૨૫મી જાન્યુઆરીએ આહવા ખાતે સાંજે ૪.૩૦ વાગે ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની અધ્યક્ષાતામાં સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું છે.

## રાજભવન, ગાંધીનગર ખાતે સ્નેહ સંમેલન

૬૪મા પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીએ ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની અધ્યક્ષતામાં રાજભવન, ગાંધીનગર ખાતે સાંજે ૫.૦૦ વાગ્યે સ્નેહ સંમેલન યોજાશે.

## તીવ્ર ઠંડીથી પ્રજાજનને આંશિક રાહત : નલિયામાં ૫.૬ ડિગ્રી

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ સહિત રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી જારી તીવ્ર ઠંડીથી લોકોને આજે આંશિક રાહત મળી હતી. જેથી જનજીવન ફરી સામાન્ય બન્યું હતું. રાજ્યમાં હાલ મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે જેથી ઈન્ફેક્શનના કેસોમાં વધારો થયો છે. તાવ, શરદી ઉધરસના કેસોમાં હવામાનમાં સતત થઈ રહેલા ફેરફારના કારણે વધારો થઈ રહ્યો છે. તીવ્ર ઠંડીના કારણે સામાન્ય જનજીવન પર અસર પડી હતી. દિવસે ઠંડો પવન ફૂંકાયો હતો અને રાત્રે રસ્તા સૂમસામ થઈ ગયા હતા. રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં ૫.૬ ડિગ્રી નોંધાઈ હતી. આ ઉપરાંત રાજ્યમાં ઠંડી ડિસામાં ૮, કંડલા એરપોર્ટ ૧૦ અને રાજકોટમાં ૧૦.૩ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેશે. અમાદવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૭.૧ અને લઘુતમ તાપમાન ૧૧.૬ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૪૯ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૪ ટકા નોંધાયુ હતુ. રાજ્યમાં એકાએક ઠંડીમાં વધારો થતાં સામાન્ય જનજીવન પર અસર પડી છે. રાત્રે ઠંડી સામે રક્ષણ મેળવવા લોકો તાપણા અને રૂમ હીટરનો ઉપયોગ કરી રહ્યા છે.

## ૭૬ પાલિકાઓની ચૂંટણીમાં ભાજપે ૫૩ બેઠકો બિનહરીફ મેળવી

### હળવદમાં ૨૧માંથી ૨૦ બેઠકો ભાજપે બિનહરીફ મેળવી

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતમાં આગામી ૧૦મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી નગરપાલિકા, મહાનગર પાલિકાઓની ચૂંટણીની ઉમેદવારી માટે ફોર્મ ભરવાના આખરી દિવસે જ ભાજપે ૫૩ બેઠકો બિનહરીફ મેળવી લીધી છે.

નગરપાલિકા, મહાનગર પાલિકામાં ચૂંટણી પહેલાં જ ભાજપે ૫૩ બેઠકો મેળવી ઉમેદવારી છેલ્લા દિવસે ભાજપે બગાસુ ખાધુ ને મોંઢામાં પતાસુ પડ્યું.

આ અંગે માહિતી આપતાં ભાજપ પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજાએ જણાવ્યું કે સુરેન્દ્રનગર જીલ્લાની હળવદ નગરપાલિકા ૨૧ બેઠકોમાથી ૨૦ બેઠકો ભાજપાએ બિનહરીફ મેળવી છે. પોરબંદર જીલ્લાની કુતિયાણા નગરપાલિકાની ૨૧ બેઠકો પૈકી ૧૦ બેઠકો ભાજપે બિનહરીફ મેળવી સૌથી મોટા પક્ષ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત નવસારી જીલ્લાના ગણદેવી નગરપાલિકાની ૧ સામાન્ય બેઠકની પેટાચૂંટણી ભાજપાના મુકેશ રાણા બિનહરીફ વિજેતા થયા છે. રાજકોટ જીલ્લાની ધોરાજી નગરપાલિકાના વોર્ડ નં. ૧૧માં ભાજપાના મહિલા ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે જુનાગઢ મહાનગરમાં બે બેઠકોની પેટા ચૂંટણીમાં ભાજપાના કમળ નિશાન પર વહાબભાઈ કુરેશી અને શહેનાઝબેન કુરેશી બિનહરીફ વિજેતા જાહેર થયા છે. આમ ભાજપાએ ૧૦ ફેબ્રુઆરી પહેલા નગરપાલિકા, મહાનગર પાલિકામાં વિજય વાવટો ફરકાવ્યો છે. આગામી દિવસોમાં આ જ યંત્ર લઈને વધુ અસરકાર કામગીરી ભારતીય જનતા પાર્ટી નગરપાલિકાઓમાં કરવા કટિબદ્ધ છે. નગરપાલિકાના સૌ મતદાર ભાઈબહેનો કમળને સમર્થન આપી સ્વચ્છ સુંદર વિકસિત અને સુવિદા સંપન્ન નગર બનાવવા સંકલ્પબદ્ધ બનશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો છે.

## શબ્દાવલી - ૪૯૬૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ■ |
| ૬ | | ■ | ૭ | ૮ | | | ૯ |
| ૧૦ | | | ■ | ૧૧ | | ■ | |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | |
| ■ | ■ | ૧૬ | | | ■ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ■ | ૧૯ | ■ | |
| | ■ | ૨૦ | | ૨૧ | | | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | ■ |

### આડી ચાવી

૧. દુશ્મની, વેરઝેર (૪)
૪. પરવા (૨)
૬. પપ્પાના પણ પપ્પા (૨)
૭. ઠસ્સાદાર, મોભાદાર (૫)
૧૦. જરાક, સ્હેજ (૩)
૧૧. નસીબદાર, ભાગ્યશાળી (૨)
૧૨. મગજ, .... સુકા મેવાના બીયા (૨)
૧૪. બ્રશ, કપડાં ધોવા વપરાતી વસ્તુ (૩)
૧૬. જુદુ (૩)
૧૭. ખરલ, વાટવાનો પથ્થર (૨)
૧૮. મદિરા, દારૂ (૩)
૨૦. કાળા રંગની જીરા જેવી ઔષધી (૪)
૨૨. શોધ, ખોજ (૩)
૨૩. મોં-હાથ લુંછવા વપરાતો ચોરસ કાપડનો ટૂકડો (૩)

### ઊભી ચાવી

૧. કોર્ટ, ન્યાયાલય (૪)
૨. ધમકીથી કામ કરવાની રીત, ... કરવી (૪)
૩. ... ગરમી, પગના તળિયાં વગેરે બળે તેવી ગરમી (૨)
૪. યુક્તિ (૪)
૫. મમ્મીના ભાઈને... કહેવાય (૨)
૮. જળ કે... પણ પાણી કહેવાય (૨)
૯. પૂર્વીય રાજયમાં ચાલતો એક પ્રકારનો જેહાદ, આતંકવાદ (૬)
૧૩. નાના તેલીબીયાં (૨)
૧૫. રખ્યા, માટી (૨)
૧૬. ખાલી જગ્યા (૪)
૧૮. મુશ્કેલી (૩)
૧૯. મોટાઈ, ગૌરવ (૩)
૨૧. રાઈ અને... થી વઘાર કરાય (૨)

### શબ્દાવલી ૪૯૬૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) દમદાટી (૫) વાક (૬) અખબાર (૭) સપૂચુ (૯) સાદ (૧૦) ગીરનાર (૧૫) વિદાય (૧૬) નફરત (૧૯) માર (૨૦ યતીમ (૨૨) વાયરસ (૨૩) તરત

**ઊભી ચાવી :-** (૧) દવા (૨) મકરદ (૩) લાખ (૪) બરફ (૮) ચુંગી (૯) સાજાનરવા (૧૧) રવિ (૧૨) નાદાનિયત (૧૩) રઈ (૧૪) ભરમાર (૧૭) તરસ (૧૮) કિંમત (૨૧) તીર

## શિંદેના ઉચ્ચારણો સામે ભાજપના રાજ્યભરમાં ઉગ્ર દેખાવો યોજાયા



અમદાવાદ, તા. ૨૪

જયપુરમાં કોંગ્રેસની યોજાયેલી ચિંતન શિબિરમાં ''રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'' અને ભાજપાને હિન્દુ આતંકવાદ અને ભગવા આતંકવાદ જેવા શબ્દો બોલી દેશના કરોડો હિન્દુઓનું અપમાન કરતી વાણી ઉચ્ચારી દેશના ગૃહપ્ધાન સુશીલકુમાર શિંદેનારાજીનામની માંગણી સાથે આજે સમગ્ર રાજ્યમાં ભારતીય જનતા પાર્ટી તરફથી ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. અને સુશીલકુમાર શિંદે સામે કોંગ્રેસ હાઈકમાન્ડ પગલા નહી ભરે તો જલદ કાર્યક્રમો યોજવાની ચીમકી આપી છે. ગુજરાતમાં અમદાવાદ શહેરનાં નહેરૂબ્રીજના આશ્રમ રોડ બાજુના ભાગે ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ પરશોત્તમ રૂપાલાની આગેવાનીમાં હજારો કાર્યકર્તાઓએ ઉપસ્થીત રહી હિન્દુ સમાજને અપમાનીત કરતી વાણી ડો. મનમોહનસિંહ અને સોનિયા ગાંધીની ઉપસ્થીતિમાં ઉચ્ચારાઈ ત્યારે બંને નેતાઓએ દેશની પ્રજાની માફી માંગવી જોઈએ તેવા ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં કર્ણાવતી મહાનગરના હોદ્દેદારો, પ્રદેશ કોષાધ્યક્ષ , સુરેન્દ્ર પટેલ, મેયર અસિત વોરા સહિત રાષ્ટ્રભક્ત નાગરિકો ઉપસ્થીત રહ્યા હતા.

## રાજ્યની તમામ બ્લડ બેંકોને સોગંદનામું કરવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ, તા. ૨૪

રાજ્યમાં બ્લડ રાખવા-આપવા અને સાચવવા માટે બ્લડ બેન્કો કાયદાનો સરેઆમ ભંગ કરતા હોવાની થયેલી જાહેર હિતની રીટમાં હાઈકોર્ટના ચીફ જસ્ટીશ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જે. બી. પારડીવાલાની ખંડપીઠે તમામ બ્લડ બેન્કોને સોગંદનામું રજુ કરવા આદેશ કર્યો છે.

આ અગાઉ અત્યાર સુધી ૧૨૮ બ્લડ બેન્કોએ હાઈકોર્ટમાં સોગંદનામા રજુ કરી દીધા છે. જ્યારે ૧૧ જેટલી બેન્કોને દિન-૧૫ની અંદર સોગંદનામુ રજુ કરવા તાકીદ કરવામાં આવી છે. વધુમાં તમામ બ્લડ બેન્કોએ સોગંદનામાની એક નકલ રાજ્યના આરોગ્ય વિભાગમાં પણ જમા કરાવવા આદેશ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે રાજ્યમાં બ્લડ રાખવા-આપવા અને સાચવવા માટે ૧૪૨ બ્લડ બેન્કો કાર્યરત છે. જેઓ બ્લડની સાચવણી અને તેના ઉપયોગને મામલે કાનૂનનો સરેઆમ ભંગ કરે છે.

## ભરતી માટે દરખાસ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે કોર્પોરેશનમાં ભાજપની સત્તા છે અને રાજ્યમાં પણ ભાજપની સરકાર બની છે ત્યારે આ સેવાઓ આગામી દિવસોમાં સંભાળી શકાય તેને ધ્યાને રાખી આ પૂરક સ્ટાફ પેટર્ન તૈયાર કરી સરકારની મંજૂરી માટે મોકલવામાં આવી છે.

ગાંધીનગર કોર્પોરેશનની રચનાને બે વર્ષનો સમય થવા આવ્યો છે પણ હાલ કોર્પોરેશન પાસે માત્ર સફાઈ અને ભાડા વસુલાત તેમજ ટેક્ષ વસુલાત સિવાય અન્ય કોઈ સેવાઓ ઉપલબ્ધ છે નહિ. આગામી દિવસોમાં સરકાર દ્વારા વિવિધ સેવાઓની સોંપણી માટે આગળ વધવામાં આવશે તે ધ્યાને રાખી આ સ્ટાફ પેટર્ન તૈયાર કરવામાં આવી છે.

એક તબક્કે શહેરી વિકાસ સચિવ શ્રી આઈ.પી. ગૌતમે પણ એક સમારંભમાં જો કોર્પોરેશન પૂરક સ્ટાફ પેટર્ન તૈયાર કરી મોકલશે તો સરકાર ઝડપથી મંજૂરી આપશે તેમ જણાવ્યું હતુ જે ઉલ્લેખનીય છે.

## વેકેશનનો માહોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાજેતરમાં જ યોજાયેલ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટ કાર્યક્રમની કામગીરીમાં અધિકારીઓ વ્યસ્ત હતા. જેનો થાક ઉતારવા મોટા ભાગના અધિકારીઓ આ ત્રણ દિવસની રજામાં આરામ કરવા પ્રવાસે ઉપડ્યા હોવાનું જાણવા મળે છે.

બીજી બાજુ રાજ્યમંત્રીમંડળના મંત્રીઓને ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન કરાવવા માટે જિલ્લાઓ ફાળવવામાં આવ્યા હોઈ મંત્રીઓ આવતીકાલે પોત પોતાને ફાળવેલા જિલ્લાઓમાં પહોંચવા પ્રવાસે જવા નીકળ્યા છે.

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ આ વખતે ડાંગ જિલ્લામાં રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ડાંગ ખાતે ધ્વજવંદન કરાવશે. ડાંગ જિલ્લામાં રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વનો કાર્યક્રમ યોજવામાં આવનાર હોઈ રાજ્યનું અડધુ વહીવટીતંત્ર ડાંગ જિલ્લામાં ઉમટ્યું છે. ડાંગમાં સલામતી વ્યવસ્થા માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

Gujarat State Non-Resident Gujaratis' Foundation

ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન
કાર્યાલય : બ્લોક નં. ૧૬, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૧
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨-૩૮૨૭૮, ફેક્સ : ૦૭૯-૨૩૨-૫૧૩૧૨
Email : nrgfoundation@yahoo.co.in website : nri.gujarat.gov.in

જાહેર નિવિદા

આથી જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા પ્રસિદ્ધ કરવાના થતાં વિવિધ સાહિત્ય તેમજ ફલેક્ષ બેનર છાપકામ, બાઈન્ડીંગ વગેરે કામગીરી કરવા માટે ગાંધીનગર / અમદાવાદના કુશળ, અનુભવી, તજજ્ઞ, ચોક્સાઈપૂર્વક કામ ઝડપથી કરી આપવાની ક્ષમતા ધરાવતાં તથા પ્રેસ એક્ટ મુજબ નોંધણી પછી ઓછામાં ઓછો ૫ વર્ષનો મુદ્રણ કામ અનુભવ ધરાવતા અને વાર્ષિક ૫૦ લાખ રૂપિયાનું ટર્નઓવર ધરાવતા હોય તેવા ખાનગી મુદ્રકો પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ભાવપત્રકગ ભરવા માટે નિયત ટેન્ડર કોપી અને તે અંગેની વિગતવાર માહિતી અત્રેની કચેરીના કામકાજના દિવસ અને સમય દરમિયાન ટેન્ડર ફી પેટેની રકમ રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિ.ા એક હજાર પુરા) રોકડ કે 'ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન'ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ રૂબરૂમાં જમા કરાવેથી મળી શકશે. ભાવો સીલબંધ કવરમાં જાહેરાત પ્રસિદ્ધ થયાના ૭ દિવસમાં (રજાના દિવસો સિવાય)ની અંદર રૂબરૂ / ટપાલ / કુરીયર મારફતે પહોંચાડવાના રહેશે.

સભ્ય સચિવ
ગુજરાત રાજ્ય બિન-નિવાસી
ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગર

માહિતી/૨૦૯૩/૧૨-૧૩